## India assumes G20 Presidency

## ભારત G20 ની અધ્યક્ષતા ધારણ કરે છે

01 ડીસેમ્બર, 2022

ઐતિહાસિક ક્ષણમાં, ભારત ઔપચારિક રીતે આજે ઇન્ડોનેશિયા પાસેથી G20 ની અધ્યક્ષતા ધારણ કરે છે. G20 કે વીસનું જૂથ એ વિશ્વનાં મુખ્ય વીસ વિકસિત અથવા વિકાસશીલ અર્થતંત્રોનું આંતરસરકારી મંચ છે, જે તેને આંતરરાષ્ટ્રિય આર્થિક સહકાર માટેનું અગ્રણી મંચ બનાવે છે.

2. આ પ્રસંગ પર, વડાપ્રધાને G20 અધ્યક્ષતા માટે ભારતનાં વિઝનને રેખાંકિત કરતો લેખ લખ્યો હતો. તેને સમગ્ર વિશ્વ માંથી પ્રકાશનો દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે. આ લેખમાં, વડાપ્રધાને કહ્યું હતું કે ભારત રૂઝાવ, સૌહાર્દ અને આશાની અધ્યક્ષતા તરફ દ્રષ્ટિ રાખી રહ્યો છે.

3. ભારતની G20 અધ્યક્ષતાનાં મુખ્ય ઘટકો G20 ને જનતાથી વધારે નિકટ લઇ જશે અને તેને ખરા અર્થમાં 'લોકોનું' બનાવશે. તેને સાકાર કરવા માટે, સમગ્ર વર્ષ દરમિયાન જન ભાગીદારી પ્રવૃત્તિઓ મારફત નાગરિકોને જોડવાની અને વિશાળ સ્તર પર જાહેર સહભાગીતાનું આયોજન કરવામાં આવ્યું છે.

4. ભારતની અધ્યક્ષતાનો પ્રથમ દિવસ અંકિત કરવા માટે, સંખ્યાબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસનાં પ્રારંભમાં, એક વિશેષ યુનિવર્સિટી કનેક્ટ ઈવેન્ટ આયોજીત કરવામાં આવી હતી, જેણે વર્ચ્યુઅલી સમગ્ર દેશ માંથી 75 વિશ્વવિદ્યાલયોનાં વિદ્યાર્થીઓને ભેગા કર્યા હતા. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને વડાપ્રધાનનાં પ્રમુખ સચિવ શ્રી પી. કે. મિશ્રા આ ઈવેન્ટનાં અનન્ય વક્તાઓ પૈકી હતી. યુનિવર્સિટી કનેક્ટ ઈવેન્ટનો ધ્યેય યુવાઓને G20 પ્રવૃત્તિઓમાં સામેલ કરવાનો હતો. વિવિધ શાળાઓમાં વિશેષ G20 સત્રો મારફત શાળાનાં વિદ્યાર્થીઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા.

5. લોકોની સહભાગીતાને આગળ લઇ જતા, આજે કોહિમામાં હોર્નબિલ ફેસ્ટિવલમાં G20 પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કેટલાક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળો સહિત એક હજાર સ્થાપત્યોને આજે ખાસ રીતે ઝગમગાવવામાં આવી રહ્યા છે, અને અને ઝગમગતા સ્થાપત્યો આસપાસ MyGov પર સેલ્ફી અભિયાનમાં જોડાવા નાગરિકોને આમંત્રિત કરવામાં આવ્યા છે. રેતીનાં કલાકાર શ્રી સુદર્શન પટ્ટનાયક દ્વારા ઓરિસ્સામાં પુરી સમુદ્ર કિનારા પર ભારતનાં G20 લોગોની રેતીની કળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

6. તાજેતરમાં વડાપ્રધાન દ્વારા લોન્ચ કરવામાં આવેલી G20 વેબસાઈટ પણ આજે g20.org ડોમેઇનમાં કોઇ ફરક વગર સ્થળાંતરીત કરવામાં આવી હતી અને ભારત દ્વારા પાછલી અધ્યક્ષતા પાસેથી ટ્વીટર હેન્ડલ @g20org સહિત અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલો હાથ પર લીધા હતા.

7. તેની 'વસુધૈવ કુટુંબકમ' - 'વન અર્થ વન ફેમિલી વન ફ્યુચર' ની G20 અધ્યક્ષતાની થીમ પરથી પ્રેરણા લઈને, ભારત દ્વારા 32 વિભિન્ન કાર્યપ્રવાહોમાં 50 કરતા વધારે શહેરોમાં 200 કરતા વધારે મીટિંગો યોજવામાં આવશે, અને G20 પ્રતિનિધિઓ અને મહેમાનોને ભારતનાં સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઝલક પ્રદાન કરવાની અને તેઓને અનન્ય ભારતીય અનુભવ પ્રદાન કરવાની તક ધરાવશે.

**નવી દિલ્હી**
**01 ડીસેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.